મારા અંતરમાં એક જ ખેવના,
કેવળ ગાઉં હું રંગગુણગાન ! રંગ...॥૧૧॥

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૨૯ ઓ દાઢીવાલા...

દાઢીવાલા ! ઓ રંગ અવધૂતા, ઓ દત્ત અવધૂતા !
તારો મહિમા અપાર છે, મને એક જ તિહારો આધાર છે. -ટેક

હોડી મારી જૂની પુરાણી, સાગરમાં છે ઊંડા પાણી,
તમે દયાળુ છો ભગવંતા, જાણો છો મારા મનની કહાણી,
ઓ.. નારેશ્વરના નાથ ! તમે છો નારેશ્વરના વાસી,
વ્હાલા મારા ! બધાં છે તમારા, તમારો જયજયકાર છે.
મને એક જ તિહારો આધાર છે.-દાઢીવાલા..॥૧॥

તારા વિના નથી કોઇ સહારો, રંગ અવધૂતા ! આવી ઉગારો,
પાપી છું હું છું અપરાધી, સાચો છે એક ભરૂંસો તારો,
આ દુનિયાથી કંટાળીને પકડ્યો દ્વાર તમારો,
વ્હાલા મારા ! બધાં છે તમારાં તમારા જય જયકાર છે
મને એક જ તિહારો આધાર છે.-દાઢીવાલા...॥૨॥

દર્દી દયાળ રંગ ! તમારો ગુલામ છે,
સો સો વાર તમને મારી સલામ છે.
દત્ત દિગંબરની તમે મૂરત, રાત દિવસ તમને મારા પ્રણામ છે,
ઓ....રંગ રંગિલા છેલ છબિલા, અલબેલા મસ્તાના,
વ્હાલા મારા ! બધા છે તમારાં, તમારો જય જયકાર છે,
મને એક જ તિહારો આધાર છે. - દાઢીવાલા...॥૩॥

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩૦ આજ આનંદની હેલી...

વાહ વાહ રે આજ આનંદની હેલી,
એ...એ...નાથને નિરખવા આંખલડી ઘેલી ! વાહ...ટેક.

પૂર્વજન્મની કોઇ પ્રીત જાગી,
ભવો રે ભવની મારી ભ્રમણાઓ ભાંગી,
એ...એ... મનડાએ મમતાને મેલી હડસેલી ! વાહ... ॥૧॥

મનડુ મસ્તાન બની ગુણ એના ગાતુ,
શ્વાસે શ્વાસે નામ જપી હૈયું હરખાતું,
એ...એ... અંતરના ઉદ્ગારો કોણ શકે ઠેલી ? વાહ...॥૨॥

પ્રીતના પાલવડે પ્રીતમ બંધાણો,
જનમોજનમના સાથી એ જાણો;
એ...એ... સાચા રે પેમની વરસે જ્યાં રેલી ! વાહ...॥૩॥

તનનો તંબુર તાર તું હી તું હી બોલે,
રોમ રોમ રામ રટી મસ્ત થઇ ડોલે,
એ...એ... અંત સમયનો સાચો એ બેલી ! વાહ...॥૪॥

ઉર્મિનાં પૂર ઉર ઉછળે અપાર જ્યાં,
દષ્ટિ દષ્ટિમાં મળે નિરખો કિરતાર ત્યાં,
એ...એ... લાગે ઘનશ્યામ રંગ સંગ તાલાવેલી ! વાહ...॥૫॥

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩૧ અવધૂત બેઠો છે...

બેઠો બેઠો નારેશ્વરની માંહ્ય, અવધૂત બેઠો છે,
એની ચોપાસે લીમડાની છાંય અવધૂત બેઠો છે. -ટેક.

એની ખાંધે શોભે છે કાળી કામળ,
દંડ દક્ષ હસ્તે વામે જલકમંડલ,
પાંવાપાવડીનો રણકો સંભળાય... અવધૂત બેઠો છે. ૧

એની વાણીમાં અમૃતની ધારા વહે,
વાતવાતોમાં શીખોના શબ્દો કહે,
જાણે વે' છે કોઇ દિવ્ય પ્રવાહ... અવધૂત બેઠો છે. ૨

એના નયનોમાં એવા શા જાદુ ભર્યા ?
દૃષ્ટિ થાતાં ત્યાં દીનોનાં દુખડાં હર્યા,
કંઇક જન્મોનાં પાપો ત્યાં જાય... અવધૂત બેઠો છે. ૩

એ તો બેઠો છે ગુફામાં છાનોમાનો,
તો યે દૂર દૂરથી આવે છે લાખો જનો,
એના તેજે સૌ આકર્ષાયા... અવધૂત બેઠો છે. ૪

જેમ ચુંબક ખેંચે છે આ લોહને અરે !
તેમ અવધૂત ખેંચે છે ભક્તોને અરે !
બાળ એના તેજે ત્યાં ખેંચાયા... અવધૂત બેઠો છે. ૫

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩૨

ચંદન નારેશ્વરની માટી, રેવા જળ અમૃત છે,
હર બાળા જ્યાં રુકમા અમ્બા હર બાળક અવધૂત છે...ટેક.

મેકલ જાતા મનસિ વિભાતા મા મનહર મંગલકારી,
દર્શન માત્રે સકલ જન્મનાં પાપો રેવા હરનારી,
જેનો હર એક કંકર શંકર, મહિમા પણ અદભૂત છે...હર

મેના, પોપટ,ચાતક,કોયલ,દિગંબરાની ધૂન ગાએ,
કરી કલાપિ કેકરાવ સૌ, દતબાવની સંભળાવે,
ભમરાના ગુન ગુન ગુંજનમાં, શ્રી ગુરુલીલામૃત છે...હર

ઝૂકી પડેલા લીમડાના હર પાને પાને રંગ છે,
ધૂણી ધખાવી, દતને લાવી રંગે રાખ્યો રંગ છે,
ધન્ય ધરા નારેશ્વરના કણકણમાં રુકમા સૂપત છે...હર

સવારમાં જ્યાં સૂર્યદેવ આવીને શંખ બજાવે છે,
ચાંદ-તારલા શયન આરતી ગાવા દોડી આવે છે,
વાસુદેવ જ્યાં ઘંટ વગાડે, વેણુ શ્રીઅચ્યુત રે...હર

ચાર ધામ ને સાત પૂરી વળી જ્યોતિર્લિંગો બાર જે,
સહુ યાત્રાનું પુણ્ય જ સઘળું નારેશ્વરને દ્વાર છે,
પાપીગણુ આ અમૃત ઉત્સવ રંગ-કૃપાનો સબૂત છે...હર

-કુલીન ઉપાધ્યાય

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

33 ધૂનો

૧. ચલે દત અવધૂત , દર્શનસે ભાગે સબ ભૂત.

૨. સ્મરો દત્ત દત્ત દત્ત મના ! દત્ત દત્ત દત્ત.

૩. હે દત યોગેશ્વર વાસુદેવ , શ્રીપાદવલ્લભનારસિંહ.

૪. દત્તાત્રેય પ્રભુ મોરી માય , લાગુ પુનિ પુનિ તુમરે પાય.

૫. દત્ત દત્ત વદો ભાઇ , એહિ જગતાર હૈ,
એહિ જગતાર હૈ, પતિતદ્ધાર હૈ.

૬. દત્ત અવધૂત કી જય , શ્રીપાદવલ્લભ કી જય
વાસુદેવ સ્વામિ કી જય, જય જય જય જય

૭. અવધૂત જબ સુમરો તબ દત્ત, સુમરો અવધૂત.

૮. શ્રીગુરુ દત્તા, જય અવધૂતા.

૯. ૐ ગુરુ ગુરુ ૐ અલખનિરંજન ૐ ૐ

૧૦. શ્રી દત્તઃ શરણ મમ (૪)

૧૧. તું માય મીં લેકરું, ગુરુજી નકો વિસરું નકો વિસરું
(હે ગુરુ તું માતા છે ને હું બાળક છે, મને વિસરીશ
નહિ. મને વિસરીશ નહિ.)

(આમાંથી એકાદ ધૂન રોજ દસેક મિનિટ ગાવી.)

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩૪ દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ ! તું જ એક જગમાં પ્રતિપાળ !
અત્ર્યનસૂયા કરી નિમિત, પ્રગટયો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર;
અંતર્યામિ સત્‌ચિત્ સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ .
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાન્તિ કમંડલ કર સોહાય;
કયાંય ચતુર્ભુજ ષડ્‌ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૬
આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ .
સૂણી [1]અર્જુન કેરો સાદ, રીઝયો પૂર્વે તું સાક્ષાત;
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુકિત મહાપદ સાર;
કીધો આજે કેમ વિલંબ ? તુજ વિણ મુજને ના [2]આલંબ !
વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ , જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ;
વિસ્તારી માયા, [3]દિતિસુત ઈંદ્રકરે હણાવ્યો તુર્ત.
એવી લીલા કંઇ કંઇ [4]શર્વ , કીધી વર્ણવિ કો તે સર્વ ? ૧૪
દોડયો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ ;
બોધ્યા યદુ ને પરશુરામ સાધ્યદેવ પ્રહલાદ અકામ .

૧. સહસ્ત્રાર્જુન ૨. આશરો ૩.દૈત્ય ૪.શિવસ્વરુપ.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ઐવી તારી કૃપા અગાધ ! કેમ સૂણે ના મારો સાદ ?
દોડ અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત !!
જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ , થયો પુત્ર તું નિઃસંદેહ;
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છોક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર , બાહ્મણશેઠ ઉગાર્યો [1]ક્ષિપ્ર.
કરે કેમ ના મારી વ્હાર ? જો આણીગમ એક જ વાર !!
શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર , થયો કેમ ઉદાસીન અત્ર ?
[2]જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન , કર્યા સફળ તેં સુતનાં [3]કૃત્સ્ન.
કરી દૂર બ્રાહ્મણનો કોઢ , કીધા પૂરણ એના કોડ ;
વંધ્યા ભેંસ દૂઝવી દેવ , હર્યું દારિદ્રય તેં તતખેવ.૨૯
ઝાલર ખાઇ રીઝયો એમ , દીધો સુવર્ણઘટ સપ્રેમ.
બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર , કીધો સજીવન તેં નિર્ધાર !
પિશાચ-પિડા કીધી દૂર , વિપ્રપૂત્ર ઉઠાડ્યો શૂર.
હરી વિપ્રમદ અત્યંજ હાથ , રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત ! ૩૦
નિમેષમાત્રે તંતુક એક , પ્હોંચાડ્યો શ્રીશૈલે દેખ !
એકી સાથે આઠ સ્વરુપ , ધરી દેવ બહુરુપ અરુપ.
સંતોષ્યા નિજ ભક્ત સુજાત , આપી પરચાઓ સાક્ષાત ;
યવનરાજની ટાળી પીડ , જાતપાતની તજે ન ચીડ.૩૪

૧. ઝટ ૨. અતિવૃદ્ધ ૩. બધાં

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

રામકૃષ્ણરુપે તેં એમ, કીધી લીલાઓ કંઇ તેમ ;
તાર્યા પથ્થરગણિકા વ્યાધ ! પશૂપંખી પણ તુજને [1]સાધ !!
અધમ ઓધારણ તારું નામ, ગાતાં સરે ન શાં શાં કામ ?
આધિ વ્યાધિ ઉપાધિ સર્વ, ટળે, સ્મરણમાત્રથી [2]શર્વ ! ૩૮
મૂઠચોટ ના લાગે જાણ , પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર ;
નાસે મૂઠી દઇને તુર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત.
કરી ધૂપ ગાએ જે એમ **દત્તબાવની** આ સપ્રેમ,
સુધરે તેના બંને લોક ; રહે ન તેને કયાંયે શોક !
દાસી સિદ્ધિ તેની થાય , દુઃખદારિદ્રય તેનાં જાય ! ૪૪
બાવન ગુરુવારે નિત નેમ , કરે પાઠ બાવન સપ્રેમ ;
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ !
અનેક રુપે એ જ અભંગ , ભજતાં નડે ન માયા-રંગ !
સહસ્ત્ર નામે નામી એક , દત્ત દિગંબર અસંગ છેક !!! ૪૮
વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર !
થાકે વર્ણવતાં જ્યાં શેષ , કોણ રાંક હું બહુકૃતવેષ ?
અનુભવતૃપ્તિનો [3]ઉદ્‌ગાર સૂણી હસે તે ખાશે માર !
તપસી તત્વમસિ એ દેવ , બોલો , જય જય શ્રીગુરુદેવ ! ૫૨

૧. સાધુ વૃત્તિવાળાં , સારાં ૨. શિવ ૩. (૧) ઓડકાર
(૨) વેણ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩૫ આરતી શ્રી ગણપતિજીની

જય જય જય હેરંબ ।

ગંગાધરસુત મૂષકવાહન વિઘ્નહના ।
નગદુહિતાનંદન વિભુ જય સિંદૂરવદના ॥જય જય૦॥૧॥
સ્વપ્રણત પ્રતિલાલ પાશાંકુશહસ્તા ।
વિધાધિપ વિબુધેશા લંબોદર તાતા ॥જય ૦જય ॥૨॥
વ્યાલોપવીત નાથ મંગલમુદદાતા
વંદન કરીયે ભાવે જય જય જગભર્તા ॥જય જય૦ ॥૩॥
અગ્રપૂજનું દે સહુ કો તુજને
કરીએ કેવળ નમઃ રંગ -નાથચરણે ॥જય જય૦ ॥૪॥

❖❖❖

કર્પૂરપૂરેણ મનોહરેણ , સુવર્ણપાત્રોદરસંસ્થિતેન ।
પ્રદીપ્તપ્રભાસા સહ સંગતેન , નીરજનં તે જગદીશ કુર્વે ॥
કપૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હદયારવિન્દે ભવં ભવાનીસહિતં નમામિ ॥

મંગલં ભગવાન વિષ્ણુમંગલં ગરુડધ્વજઃ ।
મંગલં પુણ્ડરીકાક્ષઃ મંગલાગતનો હરિઃ ॥
સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્રયમ્બકે ગૌરિ નારાયણિ નમોડસ્તુ તે ॥

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩૯ આરતી દત્તાત્રેય પ્રભુની

જય જય જય ગુરુદેવ !
વંદે અત્રિકુમારં ત્રિભુવનભર્તારમ (૨)
જનિમૃતિસંસૃતિકાલં તાપત્રયહારમ-જય જય જય ગુરુદેવ ! ધ્રુ.

કરુણાપારાવારં યોગિજનાધારમ (૨)
કૃતભવજલનિધિપારં ષડ્દર્શનિસારમ -જય જય...॥૧॥

ભોગાપવર્ગદ્વારં૧ કૃતમોદાસારમ (૨)
નતજનવરદાતારં નિગમાગમસારમ -જય જય...॥૨॥

ધૃતગલમૌક્તિકહારં કીર્ણજિટાભારમ (૨)
ધામ્ના નિર્જતમારં ષડ્રિપુસંહારમ - જય જય...॥૩॥

દુઃશીલાતિકરાલં ભસ્માંકિતભાલમ (૨)
શંખ-ત્રિશૂલભાજન - ૩ સ્રગ્વાધારિકરમ -જય જય... ॥૪॥

કલિકલ્મષહન્તારં સુરનરમુનિતારંમ (૨)
વૃતવિજનેમવિહારં જ્ઞાત્પિસુધાહારમ - જય જય...॥૫॥

દેવત્રયાવતારં શાંતિસુધાગારમ (૨)
દૂરીકૃતનતભારં રંગારંગકરમ -જય જય...॥૬॥

૧. ભુક્તિમુક્તિ આપનાર ૨. જેના તેજથી કામજેત પણ પરાજિત છે. ૩. સ્રગ=માળા ; વાધ=ડમરુ; અરિ=ચક્ર
૪.જ્ઞાનરૂપી અમૃત છે આહાર જેનો.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩૭ આરતી શ્રીનૃસિંહસરસ્વતી ભગવાનની

જય જય મુનિવર દત્ત દિગંબર શ્રી પાદ સ્વામી,
નૃસિંહસરસ્વતી જય ગુરુમૂર્તિ (૨) જય સ્મર્તૃગામી !! ટેક.
જોઇ દ્વિજસ્ત્રી કેરી પ્રીતિ; થયો તું તદ્‌બાળ ;
સ્મરતાં તુજને ભકતોજનોને ન નડે કળિકાળ;
લીલા તારી અવર્ણ્ય કેવળ એ અપરંપાર;
રહી મૂગી નેતિ કહી જ્યાં શ્રુતિ (૨), કો મર્ત્યબાળ ! જય૦૧

બોધ્યા યદુ પિંગલ નૃપ અર્જુન દઇ આત્મજ્ઞાન;
તાર્યા ધોબી તંતુક દ્વિજસ્ત્રી કરી કૃપેક્ષણ;
ભક્ત ચતુર્વિધ તાર્યા બહુવિધ બોધિ સાધન;
ભેદાભેદ સગુણનિર્ગુણનો (૨), ટાળી ચિદ્‌ઘન !! જય૦૨

વસ્ત્રહીન દિગંબર તુજને કહે ભાવિક લોકો ;
વેષ્ટી દિશાઓ અંબરરૂપે રહ્યો તું જ એક ;
પૂર્ણ બાહ્ય અભ્યંતર સઘળે એમ તું નિઃશંક,
રંગ અરંગી તું નિઃસંગી (૨) હે પુણ્યશ્લોક!! જય૦ ૩

બાલોન્મતપિચાશક વેષે ક્રીડે અવધૂત;
વર્ણી અવર્ણી જાણે જ્ઞાની એ અંતર્નિષ્ઠ;
કર્મકર્મ થકી છે ન્યારો એ તુજનો પંથ;
ભેદે ગોથાં ખાય વિમૂઢો (૨) માની સત તુત !! જય૦૪

★આરતી ગાતાં પહેલાં દત્તભાવની બોલવી.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩૮. આરતી શ્રી ૫.પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહરાજની

જય જય શ્રીમદ્ ગુરુવર સ્વામિન્ પરમાત્મન્ હંસા ।
વાસુદેવાનંદસરસ્વતી આરતી તદ્‌હંસા ॥ધ્રુ...॥

સોહં હંસઃ પક્ષાભ્યાં સંચરસિ હ્યાકાશે ।
વાસસ્તે ખલુ લોકે સત્યે ક્રીડા તવ માનસે ॥જય॰॥ ૧

મુક્તાહારો બ્રહ્મવાહકો વૈરાડરુપધર ।
ભક્તરાજહૃદ્‌ધ્વાંતતમોહૃત સ્વીકુરુ માં ચ હર ॥જય॰॥ ૨

પક્ષસ્યૈકે વાતેનૈકે ભીતાઃ કાકાદ્યાઃ ।
પલાયિતાસ્તે દ્રુતં પ્રભાવાદ્ ભવન્તિ ચાદૃશ્યાઃ ॥જય॰॥ ૩

એવં સતિ ખલુ બાલસ્તેઽહં ગ્રસિતઃ કામાદ્યૈઃ ।
માતસ્ત્વરયા ચોદ્ધર કૃપયા પ્રેષિતશાંત્યાદ્યૈઃ ॥જય॰ ॥ ૪

દાસસ્તે નરસિંહસરસ્વતી યાચે શ્રીચરણમ્ ।
ભક્તિશ્રદ્ધે વાસસ્તે હૃદિ સતતં મે શરણમ ॥જય॰॥ ૫

❖❖❖

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૩૯. આરતી પ.પૂ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહરાજની

દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા;
આરતી કરુ છું પ્રેમે પ્રભુજી, વાસુદેવ ગુરુવરા ! ધુ...

પંચધાત દીવી અતિ સુંદર , ભક્તિઘૃતે ભરપૂર !
પંચપ્રાણ પ્રગટાવી અંદર , સોહં જ્યોતિ નૂર ! દિગંબર ૧

સત્યચંદને કીધી પૂજા , સંયમ અક્ષત સાર;
મનફૂલડાં અરપી રઢિયાળા , નિઃસ્વન જયજયકાર ! દિગંબર ૨

સંકલ્પવિકલ્પ બજાવી તાળી , અનહદ ઘટાનાદ,
કામક્રોધ ભૂતો સહુ ભાગ્યાં, પ્રગટ થતાં શ્રુતિતાત ! દિગંબર ૩

આપ ફેરવે આપ વિલોકે , ટળ્યો અહં અંધકાર;
કાળોધોળો નાશ થતાં ત્યાં , વરત્યો એકાકાર ! દિગંબર ૪

રંગરાગ સહુ શમીયાં પળમાં , મચ્યો અલૌકિક રંગ;
રંગ રહ્યો ના ધન્ય ગુરુવર , ભલો તજાવ્યો સંગ !! દિગંબર ૫

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૪૦ આરતી શ્રી રંગ અવધૂત મહરાજની

જય દેવ જય દેવ !
જય પાંડુરંગ સ્વામી ગુરુ રંગઅવધૂત સ્વામી (૨)
સહુના અંતરજામી, પૂરણ નિષ્કામી - જયદેવ...॥૧॥
આરતી પ્રેમે ઉતારું, આણી ઉમંગ; (૨)
દર્શનથી દુઃખ ટાળો, બાળો ભવસંગ - જયદેવ...॥૨॥
સગુણ સ્વરુપે દેવ , ભક્તની ભીડ ભાંગો (૨)
દુઃખી હૃદયને જાણી , દયા દિલે આણો. - જયદેવ...॥૩॥
પરમ કૃપાળુ ગુરુદેવ સૌને સુખકર્તા; (૨)
અંતરના આનંદથી , વિમુખ નવ રહેતા. - જયદેવ...॥૪॥
લેતાં આપનું નામ , સંકટ સહુ જાયે; (૨)
જન્મમરણની ભીતિ , દેખતા દૂર થાયે. - જયદેવ...॥૫॥
અખંડ બ્રહ્મસ્વરુપ , બ્રહ્મચારી પોતે; (૨)
પ્રથમ આશ્રમ પાળી રહ્યા , શુકદેવને જોટે. - જયદેવ...॥૬॥
કલિયુગમાં ગુરુદેવ , કષ્ટ સહન કરતાં; (૨)
દ્વૈતનિકંદન કાઢી , અદ્વૈતે રમતા. - જયદેવ...॥૭॥
ત્રિવિધ તાપના તાપ , તેનો ભય ટાળો; (૨)
જ્ઞાનામૃત છાંટીને , શુદ્ધિમાં લાવો. - જયદેવ...॥૮॥
'શિષ્યા કહે ગુરુદેવ , ષડ્રીપુ સંહારો; (૨)
સંશય સઘળા કાપી , સદ્‌બુદ્ધિ આપો. - જયદેવ...॥૯॥
રંગ અવધૂતની આરતી જે કોઇ ગાશે; (૨)
કૃપા દત્તપ્રભુની , તેના પર થાશે. - જયદેવ...॥૧૦॥

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૪૧ આરતી શ્રી રંગ અવધૂત મહરાજની

જય જય રંગગુરો ! પ્રભુ ! જય જય રંગગુરો !
ભંગુરભવમૃગતૃષ્ણા-પૂરણકલ્પતરો ! ૐ જય...ધ્રુ.
સ્મારં સ્મારમુદારં નામ ગુરોરનિશમ (૨)
મેકલજાતટયોગાદ્ (૨) આનર્ચિથ ગિરિશમ...ૐ જય...॥૧॥
જાયં જાયમજેયં સકલેન્દ્રિયસંઘમ (૨)
દાસીકૃતસકલર્દ્ધિઃ (૨) પ્રાપિથ નિઃસંગમ ...ૐ જય ... ॥૨॥
શમદમયોગતિતિક્ષા-ભિક્ષાશનકૃતિના (૨)
જન્મજરામૃતિભંગો (૨) લબ્ધો દૃઢમતિના ...ૐ જય...॥૩॥
જ્ઞાનવિવેકવિરાગૈઃ સખિભિ : સહ વસતા (૨)
કલેશાઃ પંચ નિરસ્તાઃ (૨) સાપેક્ષં હસતા ...ૐ જય...॥૪॥
રેવાનીરપિપાસી (૨) સુરવરસુખહાસી (૨)
નારેશ્વરવનવાસી (૨) સત્યઃ સંન્યાસી ...ૐ જય ...॥૫॥
રુક્મામ્બાપદસેવા-કૃતિમતિના ભવતા (૨)
ત્યક્ત્વાડડશ્રમમિહ તુર્ય (૨) નૈષ્ઠિક્તાડડકલિતા...ૐ જય...॥૬॥
પૌર્વાપર્યજ્ઞાતા ભકતજનત્રાતા (૨)
કો વા માનવદેહો (૨) ભવિતા મે પાતા ... ૐ જય...॥૭॥
શરણં તે પતિતોડહં પાલય ભવબંધો (૨)
દૂષિતમપિ મા મા માં (૨) ત્યજ કરુણાસિંધો ...ૐજય...॥૮॥
મણિના દૂષણનિધિના નીરાજિતચરણઃ (૨)
પ્રીતો ભવતુ સ રંગો (૨) ગુરુચરણાશ્રયણઃ ...ૐ જય... ॥૯॥

પં. મણિશંકર ઉપાધ્યાય

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૪૨ આરતી નર્મદાજીની

જય જય નર્મદા ઈશ્વરિ [1]મેકલસંજતે ।
નીરાજ્યામિ નાશિતતાપત્રયજતે ॥
જય જય જય જય જય ॥ ધ્રુવ...

વારિતસંસૃતિભીતે સુરવરમુનિગીતે
સુખદે પાવનકીર્તે શંકરતનુજતે ।
દેવાપગાધિતીર્થે દત્તા ગ્યપુમર્થે
વાચામગમ્યકીર્તે જલમયસન્મૂર્તે ॥જય...॥૧॥

નંદનવનસમતીરે સ્વાદુસુધાનીરે
દર્શિતભવપરતીરે દમિતાંતકસારે ।
સકલક્ષેમાધારે વૃતપારાવારે
રક્ષાસ્માનતિઘોરે મગ્નાન્ સંસારે ॥જય...॥૨॥

સ્વયશઃપાવિતજીવે મામુદ્ધાર રેવે
તીરં તે ખલુ સેવે ત્વયિ નિશ્રિતભાવે ।
કૃતદુષ્કૃતદવદાવે ત્વત્પદરાજીવે
તારક ઈહ મેડતિજવે ભક્ત્યા તે સેવે ॥જય...॥૩॥

૧. અમરકંટકના મેકલ પહાડમાંથી નીકળેલી.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૪૩ વંદના

ગુરુદેવ દત્ત દયાળ સ્વામી વંદના તુજને હજો;
વિક્ષેપ દૂર થઇ બધા અમ ચિત્ત સ્થિર તુજમાં થજો !-૧
અજ છતાં અવતાર ભક્તો કારણે તેં આ ધર્યો;
સત્ત્વાંશ વિધિહરિહર તણા થઇ એકરૂપ જગે સ્ફુર્યો !-૨
કંઇ એક મુખ કંઇ ત્રિમુખ તું, નિર્ગુણ છતાં સાકાર હા;
ધન્ય તપ મુનિ અત્રિનું શું મુર્તિમંત ખડું અહા !-૩
દ્વિભુજ કંઇ કંઇ ચાર ભુજ, કંઇ દિવ્ય ષડ્ભુજ શોભતું;
વિવિધાયુધે અવધૂત હે તુજ રૂપ ચિદ્રસ રેડતું !-૪
લીલા તહારી કો લહે ? જ્યાં વેદ પણ મૂંગા રહ્યા;
થઇ શ્વાન નિત પાસે ખડા, આભા બની જોઇ રહ્યા !-૫
કાષ્ટવૃતિ પાવડી પર તું ખડો સ્થુલે દિસે;
પ્રવૃતિ નિવૃતિ પદો એ ભક્તિમુક્તિમય લસે !-૬
યોગભૂમિ સ્મશાન એ ભક્તોતણું નિજ ચિત્ત હા;
કામક્રોધ મડાં બળે બેઠો દિગંબર તું તિહાં !-૭
પંખી સ્વરૂપે શાસ્ત્રગણ કૂજન કરે તુજ તત્ત્વનું;
માખી-પુરાણો ગણગણે ગણુગુણ કરી નિર્ગુણતણું !-૮
સાધના ગંગા નદી, સંતોષ કલ્પદ્રુમ તિહાં;
બેઠો જઇ ઔદુમ્બરે એ, ના તુને અણીએ ઇહા[૧] !-૯

૧. કામના.

Digitization by Arya Samaj Charitable Foundation Chennai

જ્ઞાનાગ્નિ જ્વાળા સમી શોભે જટા શિર શંકરી;
સચ્ચિત્સુખાત્મક મુખ લસે આનંદમૂર્તિ એ નરી !-૧૦
કનકગેરુ સંયમે રંગી ધર્યા ભગવાં અહો !
ઐશ્વર્યષડ્ ૧ ભુજષડ્ થઇ શોભે નિરાકારી અહો !!-૧૧
રુદ્રાક્ષમાળા કંઠમાં બ્રહ્માંડમાળા શું ન એ !
વ્યાપી બધે અદકો રહ્યો, ઠાલું ન એકે ઠામ હે !-૧૨
બાળી અહં ૨ ભભૂતિ એ ચોળી ૩ તને જગમાં ભમે;
કંઇ ગુપ્ત કંઇ થઇ પ્રગટ તું અવ્યકત ચિહ્ન સદા રમે.-૧૩
અનિકેત આત્મક્રિડ તું, જાણે વિરલ જ્ઞાની તને;
જોઇ રહે લક્ષ્યે સદા તુજ ધ્યાનમાં તુંજ ચિંતને.-૧૪
અન્નપૂર્ણા ઓળી એ, શોભે ખભે વિશ્વંભરી;
૪ પદ્મા કરે ૫ વસે, ગાયત્રી ગૌ પડખે ખડી.-૧૫
ગીરનારના દાતાર હે, ગોરક્ષગર્વનિવારણ !
કલિતાર નૃસિંહસરસ્વતી નિજભકતમાનસરંજના ! -૧૬
ઢંઢું કુરવપુરમાં તને શ્રીપાદવલ્લભરૂપ હે ?
વા વાડી ઔદુમ્બર વિષે વા ગાણગાપુરમાં કહે ?-૧૭
જઉં અક્કલકોટમાં શું સ્વામીરાજ હશે તિહાં ?
મણિકપુરે પ્રભુ પાસ વા, માહુરવઢે વા કે , કહાં ?-૧૮

---

૧. છ હાથ ૨.ભસ્મ ૩.શરીરે ૪.લક્ષ્મી ૫.કમળમાં

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

યતિવર કને ગુરુદેશ્વરે વા જઉં વાસુદેવની ?
વા અન્ય નૂતન વેષથી તું ક્યાં ફરે કે' હે મુનિ !-૧૯
પણ શું લવું આ ક્યાં ન તું ? જ્યાં ત્યાં રહ્યો વિલસી બધે,
દેખે ન અંધો શું કરું શ્રદ્ધાવિહાણો રંગ એ !-૨૦
જય દત્ત હે ! જય દત્ત હે ! જય દત્ત હે ! તુજને નમું ;
મૌને વિરામી વૈખરી જોઇ તને સઘળે રમું !-૨૧

૪૪ સમર્પણ

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા બુધ્ધિયાત્મના વા પ્રકૃતિસ્વભાવાત ।
કરોમિ યધત્સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયામિ ॥
અચ્યુતં કેશવં રામનારાયણં કૃષ્ણંદામોદરમં વાસુદેવં હરિમ ।
શ્રી ધરં માધવં ગોપિકાવલ્લભં શ્રીજાનકીનાયકં શ્રીરામચંદ્રં ભજે ॥

હરે રામ હરે રામ રામ રામ હરે હરે ।
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે ॥
હરે દત્ત હરે દત્ત દત્ત દત્ત હરે હરે ।
હરે દત્ત હરે દત્ત દત્ત દત્ત હરે હરે ॥
હરે રંગ હરે રંગ રંગ રંગ હરે હરે ।
હરે રંગ હરે રંગ રંગ રંગ હરે હરે॥

અવધૂતચિંતન શ્રી ગુરુદેવ દત્ત

૧.વાણી ★ આ પછી અધોરકષ્ટો દ્ધરણસ્તોત્ર બોલવું.

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૪૫ અઘોરકષ્ટોદ્ધરણસ્તોત્રમ્ ।

શ્રીપાદશ્રીવલ્લભ ત્વં સદૈવ
શ્રીદત્તાસ્માન્પાહિ દેવાધિદેવ ।
ભાવગ્રાહ્ય કલેશહારિન્સુકીર્તે
ડઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૧॥

ત્વં નો માતા ત્વં પિતાઽઽમોઽધિપસ્ત્વં
ત્રાતા યોગક્ષેમકૃત્સદ્ગુરુસ્ત્વમ ।
ત્વં સર્વસ્વં નોઽપ્રભો વિશ્વમૂર્તે
ડઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૨॥

પાપં તાપં વ્યાધિમાધિં ચ દૈન્યં
ભીતિં કલેશં ત્વં હરાશુ ત્વદન્યમ ।
ત્રાતારં નો વીક્ષ ઇશાસ્તજૂર્તે
ડઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૩॥

નાન્યસ્ત્રાતા નાપિ દાતા ન ભર્તા
ત્વત્તો દેવ ત્વં શરણ્યોઽહકર્તા ।
કુવત્રિયાનુગ્રહં પૂર્ણરાતે
ડઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૪॥

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

ધર્મે પ્રીતીં સન્મતિં દેવભક્તિં
સત્સંગાપ્તિં દેહિ ભુક્તિ ચ મુક્તિમ ।
ભાવાસક્તિં ચાખિલાનંદમૂર્તે
ડધોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૫॥

શ્લોકપંચમેતધો લોકમંગલવર્ધનમ ।
પ્રપઠેન્નિયતો ભક્ત્યા સ શ્રીદત્તપ્રિયો ભવેત્ ॥૬॥

૪૬ દેવ્યપરાધક્ષમાપનસ્ત્રોતમ્

ન મંત્રં નો યંત્રં તદપિ ચ ન જાને સ્તુતિમહો
ન ચાહવાનં ધ્યાનં તદપિ ચ ન જાને સ્તુતિકથાઃ ।
ન જાને મુદ્રાસ્થે તદપિ ચ ન જાને વિલપનં
પરં જાને માતસ્વદનુસરણં કલેશહરણં ॥૧॥

વિધેરજ્ઞાનેન દ્રવિણવિરહેણાલસતયા
વિધેયાશકયત્વાત્તવ ચરણયોર્યા ચ્યુતિરભૂત ।
તદેતત્ક્ષન્તવ્યં જનનિ સકલોદ્ધારિણિ શિવે
કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥૨॥

પૃથવ્યાં પુત્રાસ્તે જનનિ બહવઃ સન્તિ સરલાઃ
પરં તેષાં મધ્યે વિરલતરલોડહં તવ સુતઃ ।
મદીયોડયં ત્યાંગઃ સમુચિતમિદં નો તવ શિવે
કુપુત્રો જાતેય ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥૩॥

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai.

જગન્માતર્મતિસ્તવ ચરણસેવા ન રચિતા
ન વા દત્તં દેવિ દ્રવિણમપિ ભૂયસ્તવ મયા ।
તથાપિ ત્વં સ્નેહં મયિ નિરુપમં યત્પ્રકુરુષે
કુપુત્રો જાયેત ક્વચિદપિ કુમાતા ન ભવતિ ॥૪॥

પરિત્યક્તા દેવાન્ વિવિધવિધસેવાકુલતયા
મયા પંચાશીતેરધિકમપનીતે તુ વયસિ ।
ઈદાનીં ચેન્માતસ્તવ યદિ કૃપા નાપિ ભવિતા
નિરાલમ્બો લમ્બોદરજનનિ કં યામિ શરણમ્ ॥૫॥

શ્વપાકો જલ્પાકો ભવતિ મધુપાકોપમગિરા
નિરાતંકો રંકો વિહરતિ ચિરં કોટિકનકૈઃ ।
તવાપર્ણે કર્ણે વિશતિ મનુવર્ણે ફલમિદં
જનઃ કો જાનીતે જનનિ જપનીયં જપવિધૌ ॥૬॥

ચિતાભસ્માલેપો ગરલમશનં દિક્પટધરો
જટાધારી કંઠે ભુજગપતિહારી પશુપતિઃ ।
કપાલી ભૂતેશો ભજતિ જગદીશૈકપદવીં
ભવાનિ ત્વત્પાણિગ્રહણપરિપાટીફલમિદમ્ ॥૭॥

ન મોક્ષસ્યાકાંક્ષા ભવવિભવવાંછાપિ ચ ન મે
ન વિજ્ઞાનાપેક્ષા શશિમુખિ સુખેચ્છાપિ ન પુનઃ ।

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

અતસ્ત્વાં સંયાચે જનનિ જનનં યાતુ મમ વૈ
મૃડાની રુદ્રાણી શિવ શિવ ભવાનીતિ જપતઃ ॥૮॥

નારાધિતાસિ વિધિના વિવિધોપચારૈઃ
કિં રુક્ષચિન્તનપરૈર્ન કૃતં વચોભિઃ ।
શ્યામે ત્વમેવ યદિ કિંચનમય્યનાથે
ધત્સે કૃપામુચિતમમ્બ પરં તવૈવ ॥૯॥

આપત્સુ મગ્નઃ સ્મરણં ત્વદીયં
કરોમિ દુર્ગે કરુણાર્ણવિ શિવે ।
નૈતચ્છઠત્વં મમ ભાવયેથાઃ
ક્ષુધાતુષાર્તા જનની સ્મરન્તિ ॥૧૦॥

જગદમ્બવિચિત્રમત્ર કિં પરિપૂર્ણા કરુણાસ્તિ ચેન્મયિ ।
અપરાધપરંપરાવૃતં ન હિ માતા સમુપેક્ષતે સુતમ્ ॥૧૧॥

મત્સમઃ પાતકી નાસ્તિ પાપઘ્ની ત્વત્સમા ન હિ ।
એવં જ્ઞાત્વા મહાદેવિ યથા યોગ્યં તથા કુરુ ॥૧૨॥

અવધૂતચિંતનશ્રીગુરુદેવદત્ત । શ્રીમત્ પરમ સદ્‌ગુરુ વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજકી જય । ભગવતી રુકમામ્બામાતકી જય । શ્રીમત્ સદ્‌ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજકી જય । ગુરુદેવદત્ત ! ગુરુદેવ દત્ત !! ગુરુદેવ દત્ત !!! નર્મદે હર !

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૪૭ ક્ષમાપન

[1]રસજ્ઞાવશાત્ તારકં સ્વાદુ લભ્યં ।
ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો [2]કિલન્નચિત્ત ॥૧॥

વિયોન્યંતરે દૈવદાઢર્ચાદ્વિભો પ્રાગ્ ગૃહીતં....॥૨॥

મયા માતૃગર્ભસ્થિતિપ્રાપ્તકષ્ટાદ્ ગૃહીતં....॥૩॥

મયા જાતમાત્રેણ સંમોહિતેન ગૃહીતં....॥૪॥

મયા ક્રીડનાસક્તચિત્તેન બાલ્યે ગૃહીતં....॥૫॥

મયા યૌવનેઽજ્ઞાનતો ભોગતોષાદ્ ગૃહીતં....॥૬॥

મયા સ્થાવિરે [3]નિઘ્નસર્વેન્દ્રિયેણ ગૃહીતં....॥૭॥

હૃષીકેશ મે વાઙ્મનઃકાયજાતં ।
હરે જ્ઞાનતોઽજ્ઞાનતો વિશ્વસાક્ષિન્ । ક્ષમસ્વ....॥૮॥

સ્મૃતો ધ્યાત આવાહિતોઽસ્યર્ચિતો વા ।
ન ગીતઃ સ્તુતો વંદિતો વા ન જપ્તઃ । ક્ષમસ્વ....॥૯॥

૧. જીભને વશ થવાથી ૨. દયાભીનું ચિત્ત છે જેનું તે
૩. પરવશ

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

દયાબ્ધિર્ભવાદ્ ન [1]સાગાશ્ર માદગ્
ભવત્યામમંતોર્ભવાન્મે શરણ્યમ્ ।
યથાડડલંબનં ભૂર્હિ ભૂનિઃસૃતાંઘ્રે -
રીતિ પ્રાર્થિતં દત્તશિષ્યેણ સારમ્ ॥૧૦॥

૪૮ પાહિ પાહિ મામ્

દત્તાત્રેય કૃષ્ણ હરે, પાહિ પાહિ મામ્ (૧) (દ્યુ..)
તત્પદેડપિ ત્વમસિ વ્યાપ્ત, ત્વંપદેડપિ ત્વમિહ આપ્ત;
તત્ત્વમસિબોધપ્રાપ્ત, પાહિ પાહિ મામ્ (૨) દત્તાત્રેય...૧
જટાશીર્ષ શંખકરા, શૂલહસ્ત યોગિવરા;
દયાદાનદમનપરા, પાહિ પાહિ મામ્ (૨) દત્તાત્રે...૨
દત્ત - દત્ત જપ્યપરમ્ એકત્વત્પદાબજ્ચરમ્;
રંક-રંગ નામધરં, પાહિ પાહિ મામ્ (૨) દત્તાત્રેય...૩

૧. પાપી

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૪૯ નારેશ્વરસ્તોત્રમ્ ।

જગત્ત્રસતં દૃષ્ટ્વા ત્રિપુરપતિના પૂર્વમખિલં
સ્તુતં સ્તોત્રૈર્દિવ્યૈર્વિબુધનિવહૈસ્તત્પ્રહણને ।
વિધાયાલં રૌદ્રં વપુરનલદીપ્ત્યા તમદહન્
નરાણામીશં તં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૧॥

ગણાનાં યોડધીશઃ સકલશુભદાતાવનિતલે
તપસ્તેપે ઘોરં ઘનજલકણાશી બહુસમમ્ ।
પુરા સિદ્ધિં પ્રાપ્તો યદનુગ્રહમાત્રેણ હ્યતુલાં
તમીશં નારેશં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૨॥

કલેશં કાલેશં ધનપતિસખં ધ્યાનસુલભં
ત્રિનેત્રં ત્રાતારં ભવજલધિતસ્તં તનુજુષામ્ ।
શિવં સોમં શાન્તં શરણગતકામેષ્ટફલદં
વિભું તં નારેશં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૩॥

કપર્દીશં ધીશં સુરનરતિરશ્ચાં ગતિપ્રદં
નટં નાનાકારં કલિમલહરં કામદહનમ્ ।
ગુરું ગીર્વાણશે વિષયિજનદૂરં વિષધરં
વિષધ્નં નારેશં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૪॥

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

વસન્તં રેવાયાઃ પુલિનગહને પાવનતમે
તમેક દન્તીશં ત્રિભુવનપતિં તારકગતિમ્ ।
સુરારાધ્યં હ્યાદ્યં પશુપતિમજં પૂર્ણવિભવં
ભવધ્નં નારેશં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૫॥

નતાર્તિઘ્નં દેવં પણતસુખદં ભૂતિકલિતં
ગિરીશં ગોવિન્દં ગિરિવરસુતાસેવિતપદમ્ ।
ખલારાતિં રાતિં વિબુધશિવતાતિં ફણિપતિં
દધાનં નારેશં પ્રણમત નરો જન્મક્ષતયે ॥૬॥

સુરનરમુનિવૃન્દૈર્વન્દનીયો વેનેશો
દનુજકુલનિહન્તા ભીતિહર્તા નરાણામ્ ।
સપદિ શિવવિધાતા મોક્ષદાતા નતાનાં
સ વસતુ મમ હાર્દે કામહન્તા નિયન્તા ॥૭॥

યઃ શ્લોકસપ્તકમિદં પઠતે મનુષ્યો
રંગાદ્ગતં સકલરંગનિહન્ત નૂણામ્ ।
ભક્ત્યાપ્રભાત/પ્રદોષસમયે નિયતઃ શુચિ સન્
ભુક્ત્વેહ સૌખ્યમખિલં શિવલોકમિયાત્ ॥૮॥

ઇતિ શ્રીદત્તપાદારવિંદમિલિંદબ્રહ્મચારિપાંડુરંગ (રંગ અવધૂત)
મહારાજવિરચિતં નારેશ્વરસ્તોત્રં સંપૂર્ણમ્

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

૫૦ વંદન

માલાકમંડલુરધઃ કરપદ્માયુગ્મે
મધ્યસ્થપાણિયુગલે ડમરુત્રિશૂલે ।
યસ્ય સ્ત ઊર્ધ્વકરયોઃ શુભશંખચક્રે
વંદે તમત્રિવરદં ભુજષટ્કયુક્તમ્ ॥૧॥

કાષાયવાસસમજં કમલાક્ષમેકં
માલાકમંડલુધરં રમણીયલીલમ્ ।
ગોશ્વાનક્રીડનપરં નિગમાન્તકેલિં
દેવત્રયાત્મકમહં સતતં નતોઽસ્મિ ॥૨॥

ઔદુંબરઃ કલ્પવૃક્ષઃ સંગમઃ કામદાયકઃ ।
ચિંતામણિર્ગુરોઃ પાદૌ દુર્લભં ભુવનત્રયે ॥૩॥

કૃતે જનાર્દનો દેવસ્ત્રેતાયાં રઘુનંદનઃ ।
દ્વાપરે રામકૃષ્ણૌ ચ કલૌ શ્રીપાદવલ્લભઃ ॥૪॥

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું
જ્યાં જ્યાં મુકું મસ્તક હું ગુરો હે,
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારા જ સોહે ॥૫॥

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

પહેરી લીધા વીંટલા

પહેરી લીધા વીંટલા, તારા હો અંબે,
માડી સારી હો અંબે,
કોણ કાઢે આંખ સામે, કાળ જ્યાં કંપે ? ટેક !
શુંભનિશુંભો કામાદિક સૌ જોઈને ત્રાસે,
માડી જોઈને ત્રાસે;
મહિષાસુર અજ્ઞાન બાપડું, મૂઠી દઈ નાસે,
પહેરી લીધા. (૧)

જોઈ તારું મુખડું હૈયું આનંદે નાચે,
માડી આનંદે નાચે;
રિદ્ધિ સિદ્ધિ હાથ જાડી, બારણે યાચે,
પહેલી લીધા. (૨)

નિત નૂતન શું રૂપ તારું કોટી રવિ રાજે.
માડી, કોટી શશિ રાજે;
દોડે સિંહે વીજળી વેગે, ભક્તોને કાજે,
પહેરી લીધા. (૩)

રાખ રંગ આ કટોકટીમાં, સંકટ નિવારી;
માડી, સંકટ વિદારી;
શક્તિપાત કરી ભારતમાં, રિપુદલ સંહારી.
પહેરી લીધા. (૪)

અંબાજી
કારતક સુદ ૯,૨૦૨૨,૬૮ મી રંગજયંતી રંગ અવધૂત

Digitization by Arya Samaj Charitable Foundation, Chennai

કેવો દિ, ?

એવો દિ' દેખાડ, વ્હાલા ! એવો દિ' ઊગાડ !
દેખું તારું રૂપ બધેં, એવો દિ, દેખાડ !! ટેક !!
ભૂલાવી હું મારું હુંને તારામાં ડૂબાડ !
વ્હાલા, તારામાં ડૂબાડ !
તું-તારાંમાં ભેદ ન દેખું એવો દિ, દેખાડ !! એવો.૧
જુગજૂનાં બંધ નૈનાં, કાંઈ તો સૂઝાડ ?
વ્હાલા, કાંઈ તો સૂઝાડ !
અંદર બ્હારી તુંને દેખું, એવો દિ, દેખાડ !! એવો.૨
આપ્યું તેં તારાંને આપી, રાચું મન મોઝાર !
વ્હાલા, રાચું મન મોઝાર !
શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ, દેખાડ !! એવો.૩
ધાર્યું તે થવાનું મારી વ્યર્થ કાં પછાડ ?
વ્હાલા, વ્યર્થ કાં પછાડ ?
તારે શરણે થાઉં નચિંત, એવો દિ, દેખાડ !! એવો.૪
રૂપરૂપે તું અરૂપી, રંગ એ નિર્ધાર !
વ્હાલા, રંગ એ નિર્ધાર !
ગોત્યું જડે ન હું ક્યાંયે, એવો દિ, દેખાડ !! એવો.૫

– રંગ અવધૂત